# દાંતા તાલુકાના નવાવાસ પંચાયત વિસ્તારમાં ગંદકીથી લોકો પરેશાન, ગામના સરપંચ ઘોર નિંદ્રામાં..!

પાલનપુર, તા. ૩૧

દાંતા તાલુકાના નવાવાસ ગામ માં ગ્રામ પંચાયતના અણધડ વહિવટ થી ગ્રામજનો ઘણા સમયથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે સરપંચ પોતાની નોકરીમાં જ રચ્યા પચ્યા રહેતા હોય ગામના વિકાસમાં કોઈ જ રસ ન હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો થઈ રહ્યા છે સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન માટે લાખો રૂપિયાના ખર્ચાઓ કરવામાં છે ત્યારે નવાવાસ ગ્રામ પંચાયત ના સત્તાધીશો સરકાર ના સ્વચ્છતા અભિયાન પર પાણી ફેરવી રહ્યા છે નવાવાસ ગામ માં ગામના મુખ્ય માર્ગો પર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે ગામ માં સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે ગ્રામ પંચાયતમાં સરપંચ જોવાજ મળતા ન હોવાની બુમરાડ ગ્રામજનોમાં થઈ રહી છે 'ખુલ્લા માં શૌચ મુક્ત ગ્રામ' એ સૂત્રના સરેઆમ ધજાગરા જોવા મળી રહ્યા છે સરકાર ના સ્વચ્છતા અભિયાન ની સુફિયાણી વાતો સરકારી બાબુઓ કરી રહ્યા છે પણ ગામડાઓમાં જઈને જોવામાં આવે તો ગામડાઓની ભૌગીલિકતા અલગજ જોવા મળી રહી છે સરકારી બાબુઓ દ્વારા માત્ર ઓફિસોમાં બેસીને સરકારી ગ્રાન્ટના નાણાંમાં ટકાવારીમાં જ રચ્યાપચ્યા રહીને ગ્રાન્ટો પણ કાગળો ઉપર વાપરી રહ્યાનો આક્ષેપ જનતામાં થઈ રહ્યો છે નવાવાસમાં સરકારી ગ્રાન્ટમાં ખર્ચઓ કાગળ પર કરીને સ્વચ્છતા અભિયાન કરે છે





નવાવાસ ગામમાં ગંદકીની સફાઈ કરવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટના નાણાં ક્યાં વપરાય છે તેવા પણ ગ્રામજનોમાં સવાલો થઈ રહ્યા છે ગામમાં દૂષિત પાણીના વહેનને અને ઠેરઠેર કચરાના ઢગ ને કારણે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત વચ્ચે સરપંચની ઘોર બેદરકારી સામે આવી રહી છે.

# રાજસ્થાન હોસ્પિટલના ડોક્ટરો દ્વારા ગરીબ મહિલાની ફ્રીમાં સારવાર

ડીસા, તા. ૩૧

સુઈગામ તાલુકામાં આવેલ પાણોડી ગામની મહિલા ની મદદે આગળ આવ્યું પાલનપુર મા આવેલ રાજસ્થાન હોસ્પિટલ ડોક્ટર્સ તેમજ સ્ટાફ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મલ્યુ દસ દિવસો સુધી મફત સારવાર કરિ સમુબેન કુવરાભાઈ હરિજન ની મદદ કરિ સંપૂર્ણ મેડિકલ ટ્રીટમેન્ટ ફ્રીમાં કરવામાં આવયુ પાલનપુરમાં આવેલ રાજસ્થાન હોસ્પિટલ મા સમુબેનને છેલ્લા દસ દિવસોથી નાના હાર્ટ અટેક વારંવાર આવતા હતા.



જેથી તેમને રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ કરતા રોજ શૉક ટ્રીટમેન્ટ દ્વારા યોગ્ય સારવાર આપી તેમને સંપૂર્ણ સારવાર આપવામા આવી ગરીબ મધ્યમ વર્ગની મહિલા હોવાથી છેલ્લા દસ દિવસોનું કોઈપણ બિલ રૂપિયા હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યા નથી. પાલનપુર હાઈવે પર આવેલ રાજસ્થાન હોસ્પિટલ દ્વારા આ મહિલાની સંપૂર્ણ સારવાર નિસ્વાર્થ ભાવે એકપણ રૂપિયો લીધા વિના કરવામાં આવી છે પાલનપુરના બીજા પણ પ્રાઈવેટ હૉસ્પિટલોને આવી જ શીખ લેવાની જરૂર છે કે પ્રાઈવેટ હોસ્પિટલોમાં જો કોઈ ગરીબ મધ્યમવર્ગના વ્યક્તિ પાસે પૈસા ન હોય તો તેમને પણ ફ્રીમાં સારવાર કરી માનવતાનુ કામ કરવાની જરુર છે પાલનપુરમાં એરોમા સર્કલ પર આવેલી રાજસ્થાન આઈસીયુ હોસ્પિટલમાં ગરીબ મધ્યમ વ્યક્તિઓને ખૂબ ઓછી રકમમાં સારવાર કરવામાં આવે છે તેવું રાજસ્થાન હોસ્પિટલના ડોક્ટર પ્રતીક પટેલે જણાવ્યું.

# ગેળા ગૌશાળા ખાતે સ્વ.ભરતભાઈ કોઠારીને અશ્રુસભર અંજલિ

જાંબાઝ જીવદયા પ્રેમી સ્વ.ભરતભાઈ કોઠારીને લાખણી તાલુકાના ગેળા ગામે આવેલી ગૌશાળા ખાતે શ્રધ્ધાંજલી આપતા ઉપસ્થિત હર કોઈએ તેમને અસલ જીવદયા પ્રેમી ગણાવી અબોલ જીવોને બચાવવા તેમણે આપેલ અમૂલ્ય યોગદાનને મુક્ત કંઠે બિરદાવ્યું હતું. લાખણીના ગેળા ગામે જીવદયા પ્રેમીઓ તેમજ ગેળા ગામ લોકો દ્વારા ચાલતી ગૌશાળા ખાતે પ્રખર જીવદયાપ્રેમી સ્વ. ભરતભાઈ કોઠારીની શ્રધ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌશાળા ખાતે મોટી સંખ્યામાં સાધુ -સંતો, મહંતો, ગૌશાળા સંચાલકો, પાંજરાપોળના સંચાલકો અને જીવદયા પ્રેમીઓ એકત્ર થયા હતા. સ્વ. ભરતભાઈ કોઠારીના સુપુત્ર તેમજ તેમના કુટુંબીજનોની હાજરીમાં ડીસાના જાણીતા ધારા શાસ્ત્રી ગંગારામભાઈ પોપટ, કથાકાર કિશોરભાઈ શાસ્ત્રી, રઘુનાથ ભાઈ શાસ્ત્રીના સુપુત્ર, કાંટ પાંજરાપોળના સંચાલકો, ભાભર ગૌશાળાના સંચાલકો, ટેટોડા ગૌશાળાના સંચાલક મહંત, ચેકરા ગૌશાળાના સંચાલક મહંત તેમજ નામી અનામી અનેક ગૌભક્તો અને જીવદયા પ્રેમીઓએ સ્વ.ભરતભાઈ કોઠારીની તસવીરને પુષ્પો અર્પણ કરી શ્રધ્ધાંજલી આપી હતી. શાબ્દિક અંજલિ અર્પતા દરેક લોકોએ એકજ સુરે સ્વ. ભરતભાઈ કોઠારીએ અબોલ જીવોને બચાવવા આજીવન યજ્ઞ આરંભ્યો હતો.

**સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામકની કચેરી**

બ્લોક નં. ૮/૪ થો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

**ટેન્ડર / જાહેર હરાજીની નોટીસ**

**બીજો પ્રયત્ન**

નિયામકશ્રી સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગરની કચેરીનું ટોયેટા ક્વૉલીસ વાહન નંબર GJ-18-G-1559, ડિઝલ મોડેલ-૨૦૦૩, નંગ-૧, ટેન્ડર / જાહેર હરાજીના ધોરણે વેચાણ કરવા સીલબંધ ભાવપત્રક તા. ૧૬/૧/૨૦૨૧ના રોજ બપોરના ૨-૦૦ કલાક સુધી અત્રે રજીસ્ટર એ.ડી.થી અથવા રૂબરૂમાં મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે. ટેન્ડર કોપી તથા શરતોની નકલ આ કચેરીની આયોજન શાખામાંથી કચેરી સમય દરમિયાન તા. ૧૫/૧/૨૦૨૧ સુધી રૂ. ૫૦૦/- રોકડા (બિન ચૂકવવા પાત્ર) ભરી લેખીત માંગણી કરવાથી મળી શકશે.

નિયામક
સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી
ગાંધીનગર

માહિતી/૧૬૨૦/૨૦-૨૧

# ડીસામાં ફૂટવેરની દુકાનમાં આગ ભભૂકી લાખોનું નુકશાન

ડીસા, તા. ૩૧

ડીસા શહેરમાં આવેલી એક ફુટવેરની દુકાનમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. ગત મોડીરાત્રે શોર્ટ સર્કિટને કારણે ફૂટવેરની દુકાનમાં અચાનક આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં વેપારી સહિત લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. આ તરફ પાલિકાની ફાયર ફાઈટરની ટીમે તાત્કાલિક પહોંચી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનામાં બુટ-ચપ્પલ સહિત રોકમ રકમ પણ બળીને ખાખ થયાનું સામે આવતાં વેપારીને મોટુ નુકશાન થયુ છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરના લાલચાલી વિસ્તારમાં આવેલ? જલારામ કોમ્પલેક્ષમાં ફુટવેરની દુકાનમાં ભયંકર આગ લાગી હતી. માતાજી ફૂટવેર નામની દુકાનમાં મોડી રાત્રી દરમિયાન શોર્ટ સર્કીટથી આગ લાગતાં અફરાતફરીના દ્રશ્યો સર્જાયા હતા. રાત્રી દરમ્યાન આગ લાગી હોવાથી કોઈ જાનહાની થઈ ન હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

**ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.-ઓપ. બેન્ક લી., પાલનપુર**

માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને નવા વર્ષની શુભેચ્છા
આજે પરમપિતાને એક જ પ્રાર્થના
'આજના આદિત્યનું પ્રથમ સોનેરી કિરણ આપના જીવનના દરેક ક્ષેત્રે સુખ, સમૃદ્ધિ, સંપત્તિમાં વધારો કરે અને લાભદાયી બને એવી ઈશને એક જ પ્રાર્થના...

- RuPay ડેબીટ / ATM કાર્ડ તેમજ ATM થકી ૨૪ કલાક કેશ ભરવા તેમજ ઉપાડવાની સુવિધા.
- ATM કાર્ડ સાથે એક લાખનો Accident Indurance ફ્રી આપવામાં આવે છે.
- ભારતભરના ATM તથા POS મશીન પર ઉપયોગી સુપર સ્ટોર્સ / મોલ / પેટ્રોલ પંપ / રીટેઈલ શોપ, ઓનલાઈન શોપીંગ, ઓનલાઈન ટીકીટ બુકીંગ તથા ઓનલાઈન બિલ પેમેન્ટ કરવાની ડેબીટકાર્ડની સગવડ.
- આકર્ષક વ્યાજ દરની થાપણ યોજના.
- કોઈપણ છુપા ચાર્જીસ કે કોઈપણ પ્રોસેસીંગ ફી વગર નીચે વ્યાજ દરે ધિરાણ ઉપલબ્ધ.
- આપણી બેંક થકી હાઉસીંગ લોન ઉપર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૨.૬૭ લાખની સબસીડીનો લાભ.
- સોનાના દાગીના સામે રૂ. ૧૦ લાખ સુધીની ત્વરિત લોન સેવા.
- Mobile Banking, IMPS, NEFT & RTGS અને UPI થકી તમામ ઓનલાઈન સુવિધાઓ.
- બેંકની મુખ્ય કચેરી, ઢુંઢીયાવાડી, નવીનગંજ તથા ડીસા શાખામાં લોકર્સ સેવા ઉપલબ્ધ.
- બેલેન્સ જાણવા માટે મિસકોલ સુવિધા મો.નં. ૯૩૭૫૨૦૦૨૦૦.
- આપના આધાર નંબર બેંકમાં નોંધાવી ગેસ સબસીડીની સુવિધા.
- આપણી બેંક દ્વારા ઈન્કમટેક્ષ/GSTના નાણાં ભરવાની તેમજ ડીમેટ સેવાઓ.
- જનરલ ઈન્સ્યોરન્સની સુવિધા - IFFCO TOKIO સાથે.
- સભાસદોની સુરક્ષાર્થે રૂ. ૨ લાખનો અકસ્માત વિમો.

'ગ્રાહકોનો વિશ્વાસ અને અમારી સેવાઓ એ જ બેંકનો ધ્યેય'

મુળચંદભાઈ જે. પટેલ, મેનેજીંગ ડીરેક્ટર
શિવરામભાઈ આઈ. પટેલ, ચેરમેન
ભાવેશ કે. પટેલ, સી.ઈ.ઓ.
દશરથલાલ એમ. મોદી, જો. મેનેજીંગ ડીરેક્ટર
દિનેશકુમાર બી. પટેલ, વાઈસ ચેરમેન



## બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી, ખેડૂતોને તકેદારી રાખવા તંત્રની અપીલ

કોરોનાકાળ વચ્ચે હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આ તરફ જીલ્લા કલેક્ટર દ્વારા પાક નુકસાની ન થાય તે બાબતે સાવચેતી રાખવા બાબતે પરિપત્ર જાહેર કરાયો છે. ઉત્તર ગુજરાતના માર્કેટયાર્ડ, ખેતપેદાશો, ઘાસચારો તમામને તકેદારીના ભાગરૂપે સલામત સ્થળે ખસેડવાની ભલામણ કરાઈ છે. ઉત્તર ગુજરાતના નવા વર્ષે ૨ જાન્યુઆરીથી ૪ જાન્યુઆરી સુધી હળવો વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેને લઈ બનાસકાંઠા કલેક્ટર દ્વારા હવામાન વિભાગ તરફથી મળેલ આગાઈ મુજબ પાક નુકસાની ન થાય તે બાબતે સાવચેતી રાખવા બાબતે પરિપત્ર જાહેર કરાયો છે. આ સિવાય રાજ્યના કેટલાક ભાગોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતુ કે, ૨ અને ૩ જાન્યુઆરીના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા તેમજ દાહોદમાં કમોસમી વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. વાતાવરણમાં પલટો આવવાની આગાહીથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. કમોસમી વરસાદ થશે તો શિયાળુ પાકને મોટી નુકશાની જવાની ભીતિ સેવાઈ રહી છે.

# થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા રાજ્યના માલેતુજાર નબીરાઓ રાજસ્થાની વાટ પકડી

મોડાસા, તા. ૩૧

હાલ કોરોનાની મહામારીના પગલે જાહેરમાં કે સમૂહમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી પર સરકારે પાબંધી લાદી દીધી છે ૩૧ ડિસેમ્બરની આડે હવે ગણતરીના કલાકો બાકી છે ૨૦૨૦નું વર્ષ પૂરું થવાની આડે અને વર્ષ ૨૦૨૧ શરુ થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે રાજ્ય સહીત અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના માલેતુજાર નબીરાઓ ૨૦૨૦ ના વર્ષને વિદાય આપવા અને નવા વર્ષને આવકારવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે અને ઉજવણી માટે રાજસ્થાનની વાટ પકડી લીધી છે અને તેના માટે એડવાન્સમાં રિસોર્ટ અને હોટલો બુક કરાવી શરાબ,શબાબ અને સુંદરીઓ સાથે નવાવર્ષની ઉજવણી માટે બેતાબ બન્યા છે.ગુજરાતમા દારૂબંધી હોવાથી ઉજવણીમાં વિઘ્ન નડે નહિ તેમાટે ધૂમ ખર્ચો કરી સંઘ પ્રદેશ તરફ પણ વાટ ભણી છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવામાટે યુવાધન આયોજનને વિવિધ આખરી ઓપ આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પર આવેલી હોટલો અને રિસોર્ટ ના રૂમ ૩૧ ફર્સ્ટ ડિસેમ્બર ના પગલે બુકીંગ ફુલ થઈ ગયા છે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂ નિષેધના કાયદાનો કડક અમલવારી કરવામાં આવતા યુવાધન રાજસ્થાનના ઉદેપુર,જેસલમેર અને બિછિવાડાની વાટ પકડી છે બંને જિલ્લામાં પોલીસ ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય ઘટના ના બને અને અસામાજિક તત્વો દારૂ પીધેલી હાલતમાં ગુજરાતમાં પ્રવેશેનહીં તેમાટે ચેકપોસ્ટો ઉભી કરી જિલ્લાના માર્ગો પર પેટ્રોલિંગ હાથધરવામાં આવનાર હોવાથી પોલીસ પકડે તો આબરૂના ધજાગરા ઉડી જવાની સાથે પરિવારજનોને પણ નીચાજોણું થાય નહિ અને થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં ભંગ પડે નહિ તેમાટે રાજસ્થાનમાં ઉજવણી કરવામાટે યુવા હૈયાઓ ઉપડી ગયા છે.




આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બંને જિલ્લાના માલેતુજાર નબીરાઓ દ્વારા અમદાવાદ ના દલાલો દ્વારા થર્ટી ફર્સ્ટની ઉજવણી ની રાત્રીએ ડાન્સ કરવા અને રાત રંગીન બનાવવા માટે ડાન્સ ગર્લ્સ અને રૂપલલનાઓ રાજ્યના વિવિધ વિસ્તારો સહીત દિલ્હી,મુંબઈ,બંગાળ અને નેપાળ થી ૨૫૦૦૦ થી લઈ લાખ દોઢ લાખ રૂપિયા સુધી ખર્ચ કરી ગ્રુપ માટે એડવાન્સમાં રાજસ્થાનની બુકીંગ કરેલી હોટલો અને રિસોર્ટના રૂમ માં પહોંચાડી દેવામાં આવી છે બે દિવસ સતત દારૂની રેલમછેલ વચ્ચે ઉજવણી કરી પરત ફરશે સૂત્રો પાસે થી જાણવા મળ્યું હતું.

બનાસ બેંક
Since 1959
આપણી બેંક બનાસ બેંક

Happy New Year

મોબાઇલ બેંકિંગ, ઇન્ટરનેટ બેંકિંગ, NEFT, RTGS, IMPS તથા UPI
રુપે ડેબિટ કમ એટીએમ કાર્ડ તથા રુપે કિસાન ક્રેડિટ કાર્ડ
SMS એલર્ટ અને MISSED CALL એલર્ટ
બેંકની અદ્યતન સુવિધાઓ
પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા અટલ પેન્શન યોજના
મંડળીઓ માટે માઇક્રો ATM સુવિધા
સરકારશ્રીની કોઇપણ સબસીડી માટે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સુવિધા

લોન સુવિધાઓ
હોમ લોન
વ્હીકલ લોન
CC/HP લોન
ઉચ્ચ શિક્ષણ લોન
CC સર્વિસ બેઇઝ લોન
ખેતી વિષયક લોન

સુરક્ષિત લોકર સુવિધા

આકર્ષક વ્યાજદરે થાપણ યોજનાઓ:
- બાંધી મુદ્દતની થાપણો
- "બનાસ લક્ષ્મી" કેશ સર્ટીફીકેટ
- કેશ સર્ટીફીકેટ થાપણો
- માસીક બચત થાપણો

શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
મુખ્ય કચેરી : "બનાસ ભવન" ડીસા હાઇવે, પાલનપુર-૩૮૫૦૦૧
ટેલીફોન (PBX) : (૦૨૭૪૨) ૨૬૧૩૦૫, ૨૬૧૧૪૨
info@banasbank.com
www.banasbank.com
Banasbank